## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




આ લોકોને સંપૂર્ણ રજા પાડીને ઘરે રાખવા એવું કીધું... પણ મોદીજીએ આપણે તે દિવસે રાંધવું કે રજા રાખવી એવી સ્પષ્ટતા ન કરી...!!

### કોરોના વાયરસને લઈ સાવચેતીના ભાગરૂપે

# સિવિલમાં ઈમરજન્સી હોય તો જ આવવું, દર્દી સાથે એક સગાએ રહેવાના બેનર લાગ્યા

## નવી બિલ્ડીંગના ૮ માળે બીજો કોરોના વોર્ડ ઉભો કરવા તંત્રની હિલચાલ

ગાંધીનગર, તા. ૨૦

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે. વિશ્વના અનેક દેશો બાદ ભારત અને હવે ગુજરાતમાં પણ કોરાના વાયરસે પગ પેસારો કરી દીધો છે. રાજયમાં કોરોના કેસ પોઝીટીવ આવતા આરોગ્ય વિભાગમાં પણ દોડધામ મચી ગઈ છે. ત્યારે આ વાયરસથી બચવા અને તેના કાબુમાં કરવા માટે સાવચેતીની જરુર છે. જેથી ગાંધીનગર હોસ્પિટલના તંત્ર દ્વારા કોરોના વાયરસને લઈ




સાવચેતીના ભાગરુપે સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી હોય તેવા દર્દીઓએ જ આવવું, તેમજ હોસ્પિટલના વિવિધ વિભાગમાં જે દર્દીઓ સારવાર હેઠળ છે તેવા દર્દીઓની સાથે માત્ર એક જ સગાને રહેવા માટે જણાવાયું છે. જયારે ગાયનેક, પીડીયાટ્રીક, સર્જરી, ઓર્થોપેડીક સહિત મેડીસીન વિભાગમાં સ્વસ્થ થઈ ગયેલા દર્દીઓને રજા આપી ઘરે મોકલી આપવામાં આવ્યા છે. જેથી હોસ્પિટલમાં નાગરીકોનો ધસારો ઓછો થઈ જશે. તો બીજીતરફ મળતી માહિતી મુજબ ગાંધીનગર સિવિલમાં ડી-૪ ખાતે કોરોના વોર્ડ છે. પરંતુ નવી બિલ્ડીંગમાં આઠમા માળે નવો વોર્ડ ઉભો કરવાની તંત્રની હિલચાલ ચાલી રહી છે. જયારે આઠમા માળે મેડીસીનના દર્દીઓને અન્ય જગ્યા પર શિફ્ટ કરવામાં આવ્યા છે.



કોરોના અને સિઝનલ ફ્લુના કારણે હાલમાં ચારેકોર ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. વિવિધ રોગો સામે પ્રતિકાર કરવા માટે રોગ પ્રતિકારક શકિત મજબૂત હોવી જોઈએ. રોગપ્રતિકારક શકિત વધારવા વિવિધ સ્થળોએ આર્યુવેદિક ઉકાળાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

# કોરોના ઈફેક્ટ : સચિવાલય સંકુલમાં મુલાકાતીઓની સંખ્યામાં ઘટાડો

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતમાં કોરોના વાઈરસના પોઝિટીવ કેસોમાં થઈ રહેલા વધારાના પગલે ધીમે ધીમે નાગરિકોમાં ''ફડક'' પેસવા લાગી છે જેની સીધી અસર પાટનગરના સચિવાલય ખાતે સ્પષ્ટ જોવા મળી રહી છે. સામાન્ય રીતે ગાંધીનગર ખાતેના નવા અને જૂના બંને સચિવાલય સંકુલમાં રાજ્યભરથી પોતાના સરકારી કામકાજ જલ્દી પતે અથવા અટકેલી ફાઈલોને ધક્કો મારવા અથવા અન્ય સરકારી કામકાજે દરરોજ મોટી સંખ્યામં મુલૌકાતીઓ આવતા હોય છે, તેમાં પણ જ્યારે વિધાનસભાનું સત્ર ચાલુ હોય ત્યારે મુલાકાતીઓની સંખ્યા સામાન્ય રીતે વધુ હોય છે પરંતુ અત્યારે કોરોનાના કહેરની સ્થિતિમાં સચિવાલયની મુલાકાતે આવતા મુલાકાતીઓની સંખ્યામાં તદ્દન ઘટાડો થયેલો અનુભવાઈ રહ્યો છે.

એક તરફ વિધાનસભામાં જથ્થામાં આવતા મુલાકાતીઓ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે અને બીજી તરફ સચિવાલયના દરેક બ્લોકમાં પ્રવેશ સમયે સેનેટાઈઝરથી હાથ સાફ કરવાની સુવિધા પણ ઉભી કરી દેવામાં આવી છે. જો કે અત્યાર સુધી કોરોના બાબતે નિશ્ચિંત જણાતાં કર્મચારીઓ અને મુલાકાતીઓ ગુજરાતમાં પોઝિટીવ કેસોમાં થયેલા વધારાને પગલે થોડા ભયભીત જણાઈ રહ્યા છે જેના કારણે સચિવાલય સંકુલોમાં અવરજવર ખૂબ ઘટી જવા પામી છે. જે નાગરિકો પોતાના અટકેલા સરકારી કામો અંગે મળવા આવતા હતા તેઓ પણ અરજન્ટ ના હોય અથવા થોડો વિલંબ થાય તો ચાલી શકે તેમ હોય અથવા માત્ર ફાઈલની સ્થિતિ ચકાસવા જ આવતા હોય તેઓ હવે સચિવાલય આવવાનું ટાળી રહ્યું છે. અમદાવાદથી અપડાઉન કરતા સચિવાલયના કર્મચારીઓમાં પણ ચિંતાનો માહોલ પ્રવર્તી રહ્યો છે અને કોરોના ઈફેક્ટને પગલે નવા-જૂના બંને સચિવાલયમાં હવે ચહલપહલ સતત ઘટતી જતી અનુભવાઈ રહી છે. વળી જે કર્મચારીઓ કે મુલાકાતીઓ આવી રહ્યાં છે તેમનામાં પણ દિવસભર 'કોરોના વાઈરસ' જ વાતચીતનો મુખ્ય મુદ્દો બની રહેવા પામ્યો છે.

## ગુજકોમાસોલના કર્મચારીઓને ૩૧મી માર્ચ સુધી રજા

ગુજકોમાસોલના ચેરમેને એક અખબારી નિવેદનમાં જણાવેલ છે કે મહામારી બિમારી કોરોનાથી સમગ્ર વિશ્વ અસરગ્રસ્ત છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રજાજોગ પ્રવચન દરમ્યાન તેઓએ તમામ કક્ષાએ અગમચેતના પગલા લેવા નિવેદન કર્યું છે. તેમજ ગુજરાત રાજ્યની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને રાખી તમામને શક્ય હોય ત્યાં સુધી ઘરમાં રહેવા અને ભીડભાડવાળી જગ્યાએ ન જવા વિનંતિ કરી છે. સાથે સાથે સાવચેતીના પગલારૂપે કોરોનાના સંક્રમણથી રક્ષણ મળી શકે તે માટે જરૂરી તકેદારી રૂપે ગુજકોમાસોલના હેડઓફિસ ખાતે ફરજ બજાવતા કર્મચારીઓને એકાંતરે રજા જાહેર કરીને તથા બહારગામથી આવતા કર્મચારીઓને તા. ૩૧-૩-૨૦૨૦ સુધીની સળંગ રજા જાહેર કરી છે.

## ૩૧ માર્ચ સુધી અડાલજ શનિમંદિર બંધ રહેશે

રાજય સરકારના આદેશને માન આપી પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ગાંધીનગરમાં અડાલજ સ્થિતિ શનિ સંકુલ શનિ મંદિર તા. ૨૦ માર્ચથી તા. ૩૧ માર્ચ સુધી બંધ રહેશે તેમ શનિ સંકુલના હિરેનભાઈ ઉપાધ્યાય દ્વારા જણાવાયું છે.

## એનઆઈઓએસની તમામ પરીક્ષાઓ હાલ પુરતી મોકુફ

રાષ્ટ્રીય મુકત વિદ્યાલયી શિક્ષા સંસ્થાન-એનઆઈઓ એસના ગાંધીનગર રિજીયોનલ કાર્યાલય દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે કે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમ માટે થનારી પ્રાયોગિક પરીક્ષા, ઓન-ડિમાન્ડ પરીક્ષા જે તારીખ ૧૯મી માર્ચથી ૩૧મી માર્ચ તેમજ તા. ૨૪મી માર્ચથી ૩૧મી માર્ચ દરમિયાન યોજાનાર લેખિત પરીક્ષા ભારતભરમાં મોકુફ રાખવામાં આવી છે. એનઆઈઓએસ દ્વારા પરીક્ષાલક્ષી નવીન સમયપત્રક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ફરી જાહેર કરવામાં આવશે. જેની તમામ વિદ્યાર્થી મિત્રો, પરીક્ષા કેન્દ્ર અધિક્ષક, અભ્યાસ કેન્દ્ર સંચાલક, કો ઓર્ડિનેટર્સ સહિત લાગતા વળગતાઓએ નોંધ લેવા અખબારી યાદીમાં જણાવાયું છે. આ સાથે પરીક્ષા લક્ષી વધુ માહિતી માટે એનઆઈઓએસની વેબસાઈટ www.nios.ac.in ની મુલાકાત લેવા સલાહ આપવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી

- મહેસુલ કર્મચારી મંડળે જિલ્લાના મહેસુલી કર્મચારીઓ માટે ૪૫૦ જેટલા માસ્ક ખરીદી દરેક કર્મચારીને આપ્યા.
- રાજ્ય સરકારની સૂચના પછી પણ બિરસા મુંડા ભવનના એન્ટ્રી પોઇંટ પર સેનીટાઈઝર મુકવામાં ન આવતાં કર્મયોગીઓમાં ગણગણાટ શરૂ થયો હતો.
- ગાંધીનગરના મેયર રીટાબેન પટેલે પણ આજે કોરોનાના પગલે બેઠક લીધી હતી.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આજે જનસેવા કેન્દ્ર તેમજ સબરજીસ્ટ્રાર કચેરીની મુલાકાત લઈ ત્યાં કોરોના વાયરસ સંક્રમણના નિવારાત્મક પગલાંઓ જે લેવાયા છે તેની ચકાસણી કરી હતી.
- રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકીમે કોરોના વાયરસ અંગે આજે સાંજે ખાસ વિડીયો કોન્ફરન્સ યોજી જિલ્લાઓને સતર્ક રહેવા તાકીદ કરી હતી.
- જાહેરમાં થુંકીને ગંદકી ફેલાવવા બદલ જિલ્લા આરોગ્યતંત્રએ આજે વધુ રૂ. બે હજારનો દંડ વસુલ્યો છે.
- મોટા મોલ ચાલુ રાખવાના આદેશોનો આજે જિલ્લા પંચાયત પ્રમુખ મંગુબેન પટેલે વિરોધ કર્યો છે અને ભેદભાવભરી નીતિ સરકાર અપનાવી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો.

## જાહેર નિવિદા

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેક્ટર-૧૭, ગાંધીનગરના ફરજ પુસ્તકાલયની સેવાઓ તથા અન્ય ગ્રંથાલય પ્રવૃત્તિઓ માટે ટાટા સુમો / લોંગ બોલેરો, ટાઈપનું બંધ બોડીનું ટેક્ષી પાસીંગ વાહન છેલ્લા ત્રણ વર્ષના મોડેલનું ભાડેથી જોઈએ છે. રસ ધરાવતી પાર્ટીઓએ વાહનની વિગતો, ૨૫૦૦ કિ.મી.ની મર્યાદામાં પેટ્રોલ / ડીઝલ સંચાલિત વાહન ભાડે રાખવા માટેના ભાવો નિયત ટેન્ડર ફોર્મમાં ભરીને તથા રૂ. ૨૫૦૦૦/- અર્નેસ્ટમનીનો ડીમાન્ડ ડ્રાફ્ટ 'ગ્રંથપાલશ્રી, રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર'ના નામનો અત્રેની કચેરીને તા. ૩૧/૩/૨૦૨૦ના રોજ બપોરના ૧૨-૦૦ કલાક સુધીમાં બંધ કવરમાં પહોંચતા કરવાના રહેશે. જાહેર રજાના દિવસો સિવાય ટેન્ડર ફોર્મ રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેક્ટર-૧૭થી તા. ૩૦/૩/૨૦૨૦ કચેરી સમય સુધી મળી રહેશે. મળેલ ભાવ પત્રકો તા. ૩૧/૩/૨૦૨૦ના રોજ ૧૬-૦૦ કલાકે ખોલવામાં આવશે. મળેલ ભાવોના સ્વીકાર / અસ્વીકાર કરવાનો અધિકાર નીચે સહી કરનારનો અબાધિત રહેશે.

ફોન નં. ૦૭૯-૨૩૨૨૦૦૬૪

ગ્રંથપાલ (વર્ગ-૧)
રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય
ગાંધીનગર

માહિતી/૨૬૧૨/૧૯-૨૦

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર

ગભરાહટ નહીં, સમજદારી અને સતર્કતા એ જ આપણી સલામતી

NATIONAL HEALTH MISSION
राष्ट्रीय स्वास्थ्य मिशन

# નમસ્તે ગુજરાત



### કોરોના વાયરસનાં લક્ષણો

1. તાવ
2. કફ/વહેતું નાક
3. માથાનો દુઃખાવો
4. શરીર ધ્રુજવું
5. ગળાનો દુઃખાવો
6. શ્વાસની તકલીફ

### સરકાર દ્વારા લીધેલ મુખ્ય પગલાં:

1. સરકારી વર્કશોપ, કોન્ફરન્સ, સેમિનાર મોકૂફ
2. "ધ ગુજરાત એપિડેમિક રેગ્યુલેશન, 2020" લાગુ
3. શૈક્ષણિક કાર્ય મોકૂફ (તારીખ 16.03.2020 થી 29.03.2020 સુધી)
4. જીમ્નેશિયમ, વોટરપાર્ક, ઑડિટોરિયમ, પાર્ટીપ્લોટ, મેરેજ હોલ, લગ્ન વાડી, ગેમ ઝોન, રીક્રિએશનલ ક્લબ સંપૂર્ણ પણે તારીખ 31.03.2020 સુધી બંધ
5. જાહેર માં થૂંકવા પર પ્રતિબંધ તથા થૂંકનાર ને 500 રૂપિયા દંડ

### આટલું કરવું

- છીંક કે ઉધરસ વખતે નાક અને મોં રૂમાલથી ઢાંકવું
- સાબુ અને પાણીથી વારંવાર હાથ ધોવા
- હાથ મિલાવવાને બદલે, નમસ્તે દ્વારા અભિવાદન કરવું
- બે વ્યક્તિઓ વચ્ચે ઓછામાં ઓછું એક મીટર અંતર રાખવું

### આટલું ન કરવું

- અસ્વચ્છ હાથે આંખ, નાક અને ચહેરાનો સ્પર્શ કરવો નહી
- જાહેર જગ્યાએ થૂંકવું નહી
- ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવું

કોરોના વાયરસ માટેનું પરીક્ષણ તેમજ સારવાર રાજ્યની સરકારી હોસ્પિટલો ખાતે તદ્દન મફત કરવામાં આવે છે

કોરોના વાયરસ અંગે વધુ માહિતી માટે ૧૦૪ પર કોલ કરો.
24 x 7 કન્ટ્રોલ રૂમ – ૦૭૯ ૨૩૨ ૫૦૮૧૮ અને ૦૭૯ ૨૩૨ ૫૧૯૦૦.

વધુ માહિતી માટે

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રસારિત
અફવાઓથી દૂર રહો અને અમારા અધિકૃત સોશિયલ મીડિયા એકાઉન્ટ ની માહિતી પર જ વિશ્વાસ કરો

gujhealth.gujarat.gov.in @GujHFWDept @healthfamilywelfare Health & Family Welfare Dept., Govt. of Gujarat